1. સ્તંભમાં કેટલી અને કઈ કઈ રીતે દર્શાવી શકાય છે?

- આકડાકીય માહિતી દર્શાવવા માટે સ્તંભ આલેખ સાથી વધુ વપરાતી પદ્ધતિ છે. તેમાં એક કરતાં વધુ વિગતો એકસાથે અને એક કપર સર રીતે દર્શાવી શકાય છે. સ્તંભો જે રીતે દર્શાવી શકાય છે. 1. સાધે સ્તંભઆલેખ (Simaple Bar Graph) અને 2. સંયુકન સ્તનકેન (Connpound Bar Graph].
- 1. સાદો સ્તંભઆલેખ (simple Bar Graph)




ઉપરના સાદા સ્તંભઆલેખમાં ભારતનાં ઈસ રાજ્યોની વરતીના આંકડા આપ્યા છે. આલેખ તપાસતાં માલુમ પડે છે કે, મોટા ભાગનાં રાજ્યોની કુલ વસ્તી 5 કરોડથી 7 કરોડની વચ્ચે છે, થોડી વસ્તીવાળાં ચાર રાજ્યો છે. ઉત્તર પ્રદેશ સૌથી વધુ વસ્તી સાથે પ્રથમ ક્રમે છે. ગુજરાતનું સ્થાન દસમા ક્રમે છે.

2. સંયુક્ત સ્તંભઆલેખ (Compound Bar Graph) : એકથી વધુ બાબતનું આલેખન એક જ ફલક ઉપર કરવામાં આવ્યું હોય તેવા સ્તંભઆલેખને ‘મિશ્ર સ્તંભઆલેખ’ કહેવામાં આવે છે.

સંયુક્ત સ્તંભઆલેખ : ઑલિમ્પિક રમતોત્સવમાં ચંદ્રક વિજેતા દેશો 2004. વિશ્વ ઑલિમ્પિકમાં ચંદ્રક વિજેતા દેશોની માહિતી સંયુક્ત સ્તંભઆલેખમાં રજૂ થઈ છે. પ્રત્યેક દેશે મેળવેલા સુવર્ણ, રજત તથા કાંસ્ય ચંદ્રકોની સંખ્યા ત્રણ સ્તંભો દ્વારા આલેખવામાં આવી છે. આ પ્રકારના સ્તંભઆલેખમાં પ્રત્યેક દેશે જીતેલા ચંદ્રકોની માહિતી તો મળે જ છે. પણ તે સાથે અન્ય દેશોએ જીતેલા ચંદ્રકો સાથે તેની સરખામણી પણ થઈ શકે છે..




2. સમમૂલ્ય પદ્ધતિ માહિતીનું ક્યું લક્ષણ દર્શાવે છે?

સમમૂલ્ય પદ્ધતિ માહિતી ‘એકસરખાં મૂલ્યવાળી’ છે, તે લક્ષણ દર્શાવે છે. પ્રાકૃતિક ભૂગોળમાં પ્રદેશોની ઊંચાઈ સૂચવવા માટે

સમમૂલ્ય રેખાઓનો (Contours) ઉપયોગ થાય છે. તે ઉપરાંત હવામાન નકશામાં એકસરખું તાપમાન (Isotherms) તથા દબાણ (Isobars) દર્શાવતી રેખાઓ દોરવામાં આવે છે. અહી પ્રત્યેક રેખા કોઈ આંકડાકીય મૂલ્ય ધરાવે છે, જે નીચેની આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે ::




અહીં ગુજરાતમાં વરસાદનું વિતરણ દર્શાવતો નકશો આપ્યો છે. તેમાં સમમૂલ્ય રેખાઓ દ્વારા વરસાદનું જુદું જુદું પ્રમાણ તથા તેના પ્રદેશો દર્શાવ્યા છે.